For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

સુરતીઓમાં ‘ડેસ્ટિનેશન ધુળેટી’નો ક્રેઝ

રંગોની મસ્તી માણવા શોખીન જનતા સંઘ પ્રદેશ અને મહારાષ્ટ્ર તરફ રવાના

સુરતઃ સુરતીઓ ખાણીપીણી તથા તહેવારોની ઉજવણી માટે જાણીતા છે. વર્ષોથી ‘ચંદની પડવા’ની ઉજવણીમાં જે ઉત્સાહ જોવા મળતો હતો, તેવો જ ક્રેઝ હવે ધુળેટીના પર્વમાં પણ જોવા મળી રહ્યો છે. છેલ્લા કેટલાક વર્ષોથી સુરતીઓમાં ધુળેટીની ઉજવણી શહેરના સીમિત વિસ્તારોને બદલે ગુજરાતને અડીને આવેલા કેન્દ્રશાસિત પ્રદેશો અને મહારાષ્ટ્રના સરહદી શહેરોમાં કરવાનો ટ્રેન્ડ વેગ પકડી રહ્યો છે.

આ વર્ષે હોળી અને ધુળેટી વચ્ચે ગ્રહણ અને ધોકાનો દિવસ હોવાથી પરંપરાગત ઉજવણીમાં થોડો અવરોધ જણાયો હતો. જો કે, ઉત્સાહી સુરતીઓએ ગ્રહણના વિઘ્નને બાજુએ મૂકીને વહેલી સવારથી જ પોતાના વાહનોમાં સેલવાસ, દમણ, બોરડી અને નવાપુર તરફ પ્રયાણ કર્યું હતું. ખાસ કરીને યુવા વર્ગ અને પરિવારો મિત્રો સાથે હોટલો અને રિસોર્ટમાં ધુળેટી ઉજવવા માટે આતુર દેખાઈ રહ્યા છે. આ સાથે જ ટુરિઝમ પ્લેસ જેવા કે, દમણ-સેલવાસમાં ‘હાઉસફુલ’નાં પાટિયા લાગી ગયાં છે. સાથે ગુજરાતની બોર્ડર ઉપર આવેલા મહારાષ્ટ્રના નવાપુર જેવાં સ્થળો પણ આકર્ષણનું કેન્દ્ર બન્યાં છે. અહીંના સ્થાનિક રિસોર્ટ્સ અને ક્લબોએ સુરતી ગ્રાહકોને આકર્ષવા માટે ખાસ ‘ધુળેટી સ્પેશિયલ પેકેજ’ જાહેર કર્યા છે, જેનું એડ્વાન્સ બુકિંગ અઠવાડિયા પહેલા જ પૂરું થઈ ગયું હોવાનું જાણવા મળ્યું છે. હોમ સ્ટે અને ફાર્મહાઉસમાં પણ મોટી સંખ્યામાં સુરતીઓએ ધામા નાંખ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સુરતીઓ હંમેશાં તહેવાર ઉજવવામાં અગ્રેસર રહ્યા છે. હવે ધુળેટીમાં પણ ‘ડેસ્ટિનેશન સેલિબ્રેશન’નો ટ્રેન્ડ મજબૂત બનતાં પાડોશી રાજ્યોના હોટલ ઉદ્યોગને પણ વેગ મળી રહ્યો છે.

કેમ વધી રહ્યો છે ડેસ્ટિનેશન સેલિબ્રેશનનો ટ્રેન્ડ?

આ ટ્રેન્ડ પાછળનું એક મુખ્ય કારણ ગુજરાતમાં પ્રવર્તતી દારૂબંધી હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. ‘રિસ્ક’ લેવાને બદલે શોખીન વર્ગ પાડોશી રાજ્યો અને સંઘ પ્રદેશોમાં જઈને ‘અસલ સુરતી સ્ટાઈલ’માં છાંટો-પાણી સાથે નિશ્ચિંત બનીને ઉજવણી કરવાનું પસંદ કરે છે. આ સિવાય રોજબરોજના પ્રદૂષણ અને ભીડભાડથી દૂર કુદરતના સાંનિધ્યમાં રજા માણવી એ પણ એક મોટું પરિબળ છે. આ સાથે જ ટુરિઝમ પ્લેસ ઉપર સુરતીઓ પહોંચી જતાં પાડોશી રાજ્યોના હોટલ ઉદ્યોગને પણ વેગ મળી રહ્યો છે. સુરતીઓ તહેવાર ઉજવવામાં ક્યારેય કંજૂસાઈ કરતા નથી, જેના કારણે આ સરહદી વિસ્તારોમાં કરોડો રૂપિયાનું ટર્નઓવર થવાની શક્યતા છે.

હોળી...આનંદ ઉલ્લાસનો પર્વ...દુઃખ ભૂલી મન ભરીને માણો

■ હોળી માત્ર રંગોનો જ નહીં પરંતુ આનંદ અને ઉલ્લાસનો પણ પર્વ છે. ઉત્તરીય ભારતમાં હોળીનું મહત્વ વિશેષ છે, તેમાં પણ રાજસ્થાનમાં તો હોળીનો તહેવાર દિવસો પહેલા શરૂ થઈ જાય છે. પરંપરા મુજબ ધૂળેટીના બે-ત્રણ દિવસ દરમિયાન ફાગોત્સવ તરીકે પર્વને ધામધૂમથી મનાવવામાં આવે છે. જેમાં રાજસ્થાની સંગીત, નૃત્યની રમઝટ જામે છે અને લોકો તમામ દુઃખ ભૂલીને હોળીના પર્વને મન ભરીને માણે છે. **(તસવીરઃ સતિષ જાદવ)**

લોકાર્પણના ગણતરીના દિવસોમાં જ રત્નમાલા બ્રિજના પોપડા ઉખડ્યા

લોકાર્પણની ઉતાવળમાં બ્રિજની કામગીરીમાં વેઠ ઉતારાઈ? ઈજારદારની કામગીરી અને મનપાના સુપરવિઝન સામે પ્રશ્નો

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા કરોડોના ખર્ચે તૈયાર કરવામાં આવેલા રત્નમાલા ઓવરબ્રિજ પાસે ગજેરા સર્કલ નજીક બ્રિજના નવા સ્ટ્રક્ચરના પોપડા ઉખડવાની ઘટના સામે આવતા તંત્રની કામગીરી પર ગંભીર સવાલો ઉભા થયા છે. આ બ્રિજનું હજુ તો હાલમાં જ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું અને શહેરના ટ્રાફિકને હળવો કરવા માટે જનતા માટે ખુલ્લો મૂકાયો હતો. જો કે, લોકાર્પણના ગણતરીના દિવસોમાં જ બ્રિજના ભાગોમાંથી પોપડા પડવા લાગતા સ્થાનિકો અને વાહનચાલકોમાં ભય અને આશ્ચર્યનો માહોલ જોવા મળી રહ્યો છે. બ્રિજની આવી ખરાબ હાલત જોઈને મનપાની કામગીરી અને સુપરવિઝન સામે આંગળીઓ ચીંધાઈ રહી છે.

મનપા દ્વારા ઉતાવળે આ બ્રિજનું કામ પૂર્ણ કરાવાયું હતું. જેથી ઈજારદાર દ્વારા ઉતાવળમાં કામગીરીમાં વેઠ ઉતારી હોવાનું જણાઈ રહ્યું છે. ગજેરા સર્કલ જેવા વ્યસ્ત વિસ્તારમાં બ્રિજના સ્ટ્રક્ચરમાંથી પોપડા ઉખડતા હોવાને કારણે કોન્ટ્રાક્ટરે વાપરેલા મટીરીયલની ગુણવત્તા સામે પણ શંકાની સોય ઉઠી રહી છે. ટૂંકા ગાળામાં જ બ્રિજની આવી અવદશા થતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને ચર્ચાઈ રહ્યું છે કે શું ઉતાવળે લોકાર્પણ કરવાના ચક્કરમાં મજબૂતી સાથે બાંધછોડ કરવામાં આવી છે?

ડિંડોલીની હોટલના રૂમમાં યુવકનું શંકાસ્પદ મોત, ગર્લફ્રેન્ડ ભાગી ગઈ

મજા-મસ્તી કરતી વેળા અચાનક બેભાન થઈ ગયો, ગર્લફ્રેન્ડે ભાગીને યુવકના મિત્રને જાણ કરી, પરિવારે આવીને જોયું તો જીવ નીકળી ગયો હતો

સુરતઃ ડિંડોલીની હોટેલની રૂમમાં ગર્લફ્રેન્ડ સાથે ગયેલા પર્વત પાટિયાના યુવકનું શંકાસ્પદ મોત નીપજ્યું હતું. ગર્લફ્રેન્ડ સાથે મજાક મસ્તી કરતી વખતે વિનસ અચાનક બેભાન થઈ ગયો હતો. ગર્લફ્રેન્ડ ડરના મારે ભાગીને યુવકના મિત્રને જાણ કરી હતી.

મળેલી માહિતી મુજબ, પરવતપાટીયાની વૃદાવંન સોસાયટીમાં વિક્રમભાઈ પટેલ પરિવાર સાથે રહે છે. વિક્રમભાઈ ફરસાણની દુકાનમાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમજ તેમના સંતાન પૈકી વિનસ (28 વર્ષ) કાપડ માર્કેટમાં મજૂરી કામ કરતો હતો. મંગળવારે વિનસને તેની ગર્લફ્રેન્ડને મળવાનું હોવાથી તે નોકરી પર ગયો ન હતો. દરમિયાન સાંજે ડીંડોલીના ખરવાસા રોડની જી-9 બિલ્ડિંગમાં વેલેન્ટાઈન હોટલના રૂમમાં ગર્લફ્રેન્ડ સાથે ગયો હતો. તે ગર્લફ્રેન્ડ સાથે મજાક મસ્તી કરતા કરતા રહસ્યમંય સંજોગોમાં એકાએક ઢળી પડતા બેભાન થઈ ગયો હતો. જેથી તેની ગર્લફ્રેન્ડ ગભરાઈને ત્યાંથી ભાગી ગઈ હતી અને વિનસના મિત્રને ફોન કરીને જાણ કરી હતી. તેના મિત્રએ તેના પરિવારના જાણ કરતા ત્યાં દોડી આવીને ૧૦૮ને જાણ

...અનુસંધાન પાના ૭ પર

હોળીમાં ફેંકેલી થેલીમાંથી કલર સ્પ્રે બોટલ ફટી, ચારને ઈજા

ઉધના રોડ નં.13ની ઘટના, યુવકે કચરો સમજી હોળીમાં થેલી પધરાવી હતી, એક જ પરિવારના ચાર યુવક દાઝ્યા, એક હજુ સારવાર હેઠળ

સુરતઃ ઉધનામાં હોળી દહનમાં કચરો સમજીને થેલી ફેંકતા કલર સ્પ્રેનો બોટલ બ્લાસ્ટ થયો હતો. ઘટનામાં એક જ પરિવારના ચાર સભ્ય ઈજાગ્રસ્ત થયા હતા. જેમાં એકની હાલત ગંભીર હોવાથી સારવાર હેઠળ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

મળેલી માહિતી મુજબ, મૂળ મહારાષ્ટ્રના વતની રોહિત રાજુભાઈ પંચાલ (24 વર્ષ) હાલ ઉધના રોડ નંબર-13 પર મહાકાળીનગરમાં પરિવાર સાથે રહે છે. સોમવારે રાત્રે તેમના ઘર પાસે હોળી દહન કરવામાં આવી રહ્યું હતું. જેથી રોહિત તેના પિતરાઈ ભાઈઓ સાથે ત્યાં ગયો હતો. હોળી દહન ચાલી રહ્યું હતું, ત્યારે રોહિતે કચરો સમજીને એક પ્લાસ્ટિકની થેલી હોળીમાં ફેંકી હતી. દરમિયાન અંદરથી કલર સ્પ્રેનો બોટલ અચાનક બ્લાસ્ટ થયો હતો. જેમાં રોહિત સહિત ચાર લોકો ઈજાગ્રસ્ત થયા હતા. તમામને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. સારવાર બાદ તમામને રજા આપી દેવામાં આવી હતી. જો કે આજે સવારે રોહિતની તબિયત બગડતા તેને 108 એમ્બ્યુલન્સ મારફતે ફરી સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. ડોક્ટરના મતે હાલ રોહિતની તબિયત સ્થિર છે.

આ લોકો ઇજાગ્રસ્ત થયા

રોહિત પંચાલ, રાહુલ પંચાલ, અજય પંચાલ, વિલાસ પંચાલ

હોળી સાથે જ ઉનાળો રંગમાં, ગરમી 2.5 ડિગ્રી વધી ગઈ

તાપમાનનો પારો 36.4 ડિગ્રી, 4 માર્ચ પછી ગરમી વધુ આકરી બનશે

સુરતઃ સુરત શહેરમાં ગરમીનો પ્રકોપ દિવસેને દિવસે વધતો જોવા મળી રહ્યો છે. શહેરમાં મહત્તમ તાપમાન અઢી ડિગ્રીનો ઉછાળો લઈને ૩૬.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાનમાં ૧.૨ ડિગ્રીનો વધારો થઈ ૧૯.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

તાપમાનમાં સતત વધારો થવાને કારણે બપોરના સમયે તડકો કડક બન્યો હતો અને રસ્તાઓ પર લોકોની અવરજવર ઘટેલી જોવા મળી હતી. હવામાં ૪૦ ટકા ભેજ સાથે ઉત્તર દિશામાંથી ૬ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. ભેજનું પ્રમાણ મધ્યમ હોવા છતાં તાપમાનમાં વધારાને કારણે ગરમીનો અહેસાસ વધુ રહ્યો હતો. ઉલ્લેખનીય છે કે હવામાન વિભાગ દ્વારા ચાર તારીખ પછી શહેરમાં આકરા તડકાની આગાહી કરવામાં આવી હતી. છેલ્લા બે દિવસથી તાપમાનમાં નોંધાતો વધારો તે આગાહીના સંકેતરૂપ માનવામાં આવી રહ્યો છે. હવામાન નિષ્ણાતોના મતે આગામી દિવસોમાં તાપમાનમાં વધુ વધારો થઈ શકે

...અનુસંધાન પાના ૭ પર

સુમિત સિલ્વર સહિત 5 જ્વેલર્સને ITની નોટિસ

સોના- ચાંદીની ખરીદી-વેચાણમાં થયેલા રોકડ વ્યવહારોને પગલે આવકવેરા વિભાગ સક્રિય થયો

સુરતઃ સુમિત સિલ્વર પાસેથી રોકડાથી લાખો રૂપિયાનું સોના-ચાંદી ખરીદનાર જ્વેલર્સોને સુરત આવકવેરા વિભાગે અડફેટે લીધા હોવાનું જાણવા મળ્યું છે. સુમિત સિલ્વર સહિત પાંચેક જેટલાં જ્વેલર્સને નોટિસ ફટકારી હોવાનું જાણવા મળ્યું છે. તાજેતરમાં ડીજીજીઆઈ દ્વારા ચાંદી અને સોનાના આભૂષણો, સિક્કા, અન્ય વસ્તુઓ સપ્લાય કરતી મેસર્સ સુમતિ સિલ્વરનાં યતીનકુમાર સુમતિલાલ શાહની ૧૭ કરોડનાં જીએસટી ચોરીમાં ધરપકડ કરવામાં આવી હતી. આ કેસમાં ડીજીજીઆઈએ માંત્ર વર્ષ ૨૦૨૧થી ૨૦૨૪ સુધીનાં ત્રણ વર્ષનુ આંકલન કરી અંદાજે ૫૭૫ કરોડનો બિનહિસાબી વ્યવહારોનો અંદાજ લગાવી ટેક્સ ચોરીનો આરોપ મુકવામાં આવ્યો હતો. સુમતિ સિલ્વરની તપાસમાં સોનાના આભૂષણો, સિક્કાના વેચાણમાં પારેખ જ્વેલર્સનાં રૂપિયા ૧૨.૦૮ કરોડ, આદિનાથ જ્વેલર્સનાં ૧૫ લાખ, કમલભાઈ શિલાલેખનાં ૪૫ લાખ, વર્તિ જ્વેલર્સનાં ૧.૩૪ કરોડ, શુભ લક્ષ્મી જ્વેલર્સનાં ૧.૯૯ કરોડના રોકડ વ્યવહારોનાં હિસાબ મળી આવ્યાં હતા. સુમતિ સિલ્વરની પાસેથી રોકડામાં સોનું-ચાંદી ખરીદનાર હવે આવકવેરા વિભાગની નજરે ચઢી ગયાં હોવાનું જાણવા મળ્યું છે. સુરત આવકવેરા વિભાગના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ ની કલમ ૨૬૯ST હેઠળ સુમતિ સિલ્વર સહિતનાં જ્વેલર્સને નોટિસ ઈસ્યુ કરવામાં આવી છે અને રોકડ વ્યવહારો સંદર્ભે જે તે પાર્ટીનાં જવાબ રજૂ કરવા આદેશ કરાયો હોવાનું જાણવા મળ્યું છે.

રોકડ વ્યવહારની મર્યાદા દસ હજાર, પ્રાપ્ત થયેલી રોકડ પર ૧૦૦ ટકા પેનલ્ટી

આવકવેરા કાયદાની કલમ 40A(3) હેઠળ, એક જ દિવસમાં કોઈ પણ વ્યક્તિને 10,000 થી વધુ રોકડ વ્યવહાર કરવામાં કોઈપણ વ્યવસાયિક ખર્ચ કર કપાત માટે માન્ય નથી. ચૂકવણીઓ એકાઉન્ટ પેયી ચેક, ડ્રાફ્ટ અથવા ઇલેક્ટ્રોનિક ટ્રાન્સફર દ્વારા કરવી આવશ્યક છે. ઉલ્લંઘનના પરિણામે સમગ્ર ખર્ચ રદ કરવામાં આવે છે, જેનાથી કર લાભો ઘટે છે. પ્રાપ્ત થયેલી રોકડ પર ૧૦૦ ટકા પેનલ્ટી છે. સરકાર, બેંકિંગ કંપનીઓ, પોસ્ટ ઓફિસો અથવા સહકારી બેંકો સાથેના વ્યવહારો મુક્ત છે.

બોંબથી ઉડાવી દેવાના ઈ-મેઈલ કેસમાં પ.બંગાળથી એક ઝડપાયો

રાજ્યમાં શાળાઓ, પોસ્ટ ઓફિસો, કોર્ટોને બોમ્બથી ઉડાવવાના ઈ-મેઈલ કર્યા હતા

અમદાવાદઃ રાજ્યમાં શાળાઓ, પોસ્ટ ઓફિસ અને જુદી જુદી કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યા ઈ-મેઈલ કરનાર શખ્સની અમદાવાદ ક્રાઈમ બ્રાંચે પશ્ચિમ બંગાળથી ધરપકડ કરી તેની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગે મળતી માહિતી મુજબ અમદાવાદ સહિત રાજ્યના અનેક શહેરોમાં શહેરમાં છેલ્લા કેટલાક સમયથી સરકારી કચેરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓ, કોર્ટોમાં ઈ-મેઈલ મારફતે બોમ્બ વિસ્ફોટની ધમકી

...અનુસંધાન પાના ૭ પર

ધી સૂરત પીપલ્સ કો-ઓ. બેન્ક લિ.
સ્થાપના : ૧૯૨૨ મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ બેન્ક
રજીસ્ટર્ડ/ સેન્ટ્રલ ઓફિસઃ 'પ્રગુણરા ભવન', રીમલીરાવાડ, નાનપુરા, સુરત - ૩૯૫૦૦૧.
તહેવાર નિમિત્તે આકર્ષક થાપણ યોજના
ટૂંક સમય માટે
૪૪૪ દિવસની યોજના ૭.૦૦%* વ્યાજ દર
પાકતી મુદતે ૮.૧૧% યીલ્ડ

દુઃખદ અવસાન / સંયુક્ત બેસણું
સ્વ. કીકીબેન ગોવિંદભાઈ પટેલ
સ્વ. તા. ૦૩-૦૩-૨૦૨૬
દિલગીરી સહ જણાવવાનું કે અમારા માતૃશ્રી કીકીબેન ગોવિંદભાઈ પટેલનું તા.૦૩-૦૩-૨૦૨૬ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ સદ્ગતના આત્માને ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના.
સદગતનું સંયુક્ત બેસણું તા.૦૫-૦૩-૨૦૨૬ને ગુરૂવારના રોજ સવારે ૧૧ થી બપોરે ૧ વાગ્યા સુધી અમારા નિવાસસ્થાને રાખવામાં આવ્યું છે.
ખાસ નોંધઃ કુલહાર, બિસ્કીટ, પૈસા વગેરે મુકવા નહીં. તમામ લૌકિક રિવાજો સદંતર બંધ છે.
બેસણાનું સ્થળ :- ગરાસ ફળિયા, મુ.પો. ડુમસ, સુરત
લિ. નરસિંહભાઈ ગોવિંદભાઈ પટેલ, રિતેશભાઈ નરસિંહભાઈ પટેલ, સતિષભાઈ લાલાભાઇ પટેલ, દિલીપભાઈ નાનુભાઈ પટેલ, ચંદ્રકાંત રામભાઈ પટેલ, મોહીન મહેશભાઈ પટેલ, વસંતીબેન રતિલાલ પટેલ, ગ.સ્વ. ચંપાબેન અરવિંદભાઈ પટેલ, સાસ્કિા હેમંતભાઈ પટેલ તથા સમસ્ત પટેલ પરિવાર

ક્ષત્રિય દુઃખદ અવસાન- બેસણું
સ્વ. જશવંતીબેન જયંતિલાલ ચેવલી
જન્મ તા. ૦૬-૦૭-૧૯૩૩ સ્વ. તા. ૦૩-૦૩-૨૦૨૬ ફાગણ સુદ ચૌદશ ને મંગળવારે
દિલગીરી સહ જણાવવાનું કે અમારા પૂજ્ય સ્વજન શ્રીમતિ જશવંતીબેન જયંતિલાલ ચેવલીનું તા.૦૩-૦૩-૨૦૨૬ને ચૌદશ ને મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ સદ્ગતના આત્માને ચિર શાંતિ આપે એજ પ્રાર્થના.
સદ્ગતનું બેસણું :- તા. ૦૪-૦૩-૨૦૨૬ ને બુધવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૦.૩૦ કલાકે અમારા નિવાસસ્થાને રાખેલ છે. નિવાસ સ્થાનઃ- ૪૨, માં અંબાકૃપા સોસાયટી, કાપડિયા હેલ્થ કલબની સામે ની ગલીમાં, આનંદ મંગલ સોસાયટી ની સામે, ભટાર રોડ, સુરત.
લિ. જયંતિલાલ લલ્લુભાઈ ચેવલી
રાજેશ જયંતિલાલ ચેવલી, ધર્મેશ જયંતિલાલ ચેવલી, મોહિલ રાજેશ ચેવલી, મનન ધર્મેશ ચેવલી, ઈન્દ્રજીત ઈશ્વરલાલ કપુર, રાજેશકુમાર બળવંતરામ ઘમણવાળા, વિજયકુમાર કાંતિલાલ જરીવાળા, હેમંતકુમાર હીરાલાલ જરીવાળા, કમલકુમાર હસમુખલાલ જરીવાળા, કૃણાલકુમાર નરેન્દ્રભાઈ વખારિયા
કાશ્મીરા રાજેશ ચેવલી, કાશ્મીરા (કિરણ) ધર્મેશ ચેવલી, નિશા મોહિલ ચેવલી, અક્ષદા મનન ચેવલી, સ્વ. હેમલતા ઈન્દ્રજીત કપુર, જયશ્રી રાજેશકુમાર ઘમણવાળા, સુધા વિજયકુમાર જરીવાળા, રીટા હેમંતકુમાર જરીવાળા, પૈષ્ણવી કમલકુમાર જરીવાળા, દેવાંશી કૃણાલકુમાર વખારિયા
યશ - શિવાંશ- પ્રિશા

અનાવિલ અવસાન
દિલગીરી સહ જણાવવાનું કે અમારા પતિ/પિતા/ભાઈ શ્રી સુરેન્દ્રભાઈ ઉર્ફે સુરેશભાઈ મોહનભાઈ દેસાઈ રહે. લાડવી, તા. કામરેજ (હાલ સુરત)નું તા. ૨/૩/૨૦૨૬ ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પરમકૃપાળુ પરમાત્મા સદગતના આત્માને ચિર શાંતિ અર્પે એજ પ્રાર્થના.
સ્વ. સુરેન્દ્રભાઈ ઉર્ફે સુરેશભાઈ મોહનભાઈ દેસાઈ
સ્વ. તા. ૦૨-૦૩-૨૦૨૬, સોમવાર
સદગતનું સંયુક્ત બેસણું તા. ૬/૩/૨૦૨૬ને શુક્રવારના રોજ સમયઃ-૩ થી ૫ કલાક દરમ્યાન સ્થળઃ- દયાળજી આશ્રમ, એ.સી.હોલ મજૂરાગેટ, સુરત. (લૌકિક રિવાજ સદંતર બંધ છે)
લિ. શોકાતૂર
નયનાબેન સુરેન્દ્રભાઈ દેસાઈ (પત્ની)
શ્રધ્ધા નિહાલ દેસાઈ (પુત્રવધુ), ડો. ઈશિતા મેહુલ દેસાઈ (પુત્રવધુ), ઉષાબેન જયદેવભાઈ દેસાઈ (બેન), લતાબેન રણજીતભાઈ દેસાઈ (બેન), ડો. ગીતાબેન નરેન્દ્રભાઈ દેસાઈ (ભાભી)
નિહાલ સુરેન્દ્રભાઈ દેસાઈ (પુત્ર), ડો. મેહુલ સુરેન્દ્રભાઈ દેસાઈ (પુત્ર), જયદેવભાઈ દુર્ગેશભાઈ દેસાઈ (બનેવી), જય રણજીતભાઈ દેસાઈ (ભાણેજ), ડો. નરેન્દ્રભાઈ રતીલાલ દેસાઈ (ભાઈ)
અર્જુન, આર્યા, માહી
શ્વસુર પક્ષ
ભરતભાઈ નાનુભાઈ દેસાઈ- પોંસરા, હંસુબેન જયંતીભાઈ મહેતા, વિભાબેન પ્રફુલ્લભાઈ દેસાઈ
નિવાસ સ્થાનઃ ડી-૩૪/૩૫, કિશોર પાર્ક સોસાયટી, ઘોડદોડ રોડ, સુરત

તૃતીય પૂણ્યતિથીએ શ્રદ્ધાંજલિ
સ્વ. દયાગૌરી અરવિંદલાલ ગરૂડા
જન્મ. તા. ૩૧/૧૦/૧૯૪૨ સ્વ. તા. ૦૪/૦૩/૨૦૨૩
પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેમની શકિત હતી, કર્મ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભકિત હતી, જીવનભર પરિશ્રમ કરી પરિવારને સમૃધ્ધ બનાવી સારા સંસ્કારો આપી જીવન જીવતા શીખવી ગયા, દેહથી ભલે અદ્રશ્ય થઈ ગયા પરંતુ સ્મૃતિ હંમેશા યાદ રહેશે
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.
લિ. દેવેન્દ્ર અરવિંદલાલ ગરૂડા, નિમિષા દેવેન્દ્ર ગરૂડા, વિવેક દેવેન્દ્ર ગરૂડા, પ્રિત દેવેન્દ્ર ગરૂડા

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧
છેલ્લા પાને ₹૧૮૦૦/- | અંદરના પાને ₹૧૫૦૦/- | છેલ્લા પાને કલર ₹૨૫૦૦/-
ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને ₹ ૪૫૦૦/- | અંદરના પાને ₹ ૩૦૦૦/- | છેલ્લા પાને કલર ₹ ૫૨૦૦/-
(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ શ્રધ્ધાંજલિ
સ્વ. મોરારભાઈ
સુરેશભાઇ ઉર્ફે હાંસજીભાઇ પટેલ
સ્વ. તા. ૦૪/૦૩/૨૦૨૫
નથી હયાત છતાં છો એવું લાગ્યા કરે છે, હરક્ષણ તમારી હાજરીનો આભાસ લાગ્યા કરે છે. ક્યારેક કહેવાયેલી વાતના ભણકારા વાગ્યા કરે છે, યાદોમાં તમારા પ્રત્યક્ષ દર્શન થયા કરે છે. પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.....
લિ. ગં.સ્વ. તારાબેન મોરારભાઇ પટેલ, મોહનભાઇ સુરેભાઇ ઉર્ફે હાંસજીભાઇ પટેલ(ભાઇ), બોની મોહનભાઇ પટેલ(ભત્રીજા), ઇશ્વરભાઇ શંકરભાઇ પટેલ (સરસાણા), દિપકભાઇ લખુભાઇ પટેલ, ગોવિંદભાઇ નાનુભાઇ પટેલ તથા સમસ્ત પરિવાર
નિવાસસ્થાન : નિકી હાઉસની બાજુમાં, ન્યુ મગદલ્લા, સુરત

દેહદાતા
જીવનજ્યોત ટ્રસ્ટના આદ્યસ્થાપક
સ્વ.કાંતિલાલ જીવણલાલ શાહ
સ્વ.તા.૦૪/૦૩/૨૦૧૨
ચૌદમી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ
આપની લાગણીઓનું ઝરણું અમારા સૌના હૃદયમાં સતત વહ્યા કરે છે. તમારી આ તસ્વીર કંઈક કહ્યા કરે છે. આપના પૂણ્યશાળી આત્માને કોટી કોટી વંદન...
લિ. ભરતભાઈ વી. શાહ (પ્રમુખશ્રી), ગીરધર ગોપાલ મુંદડા, ભાનુકુમાર એન. શાહ (ઉપ-પ્રમુખશ્રીઓ), અશ્વિનભાઈ પટેલ, અનુજભાઈ શાહ (માનદ્ મંત્રી)
તથા સમગ્ર ટ્રસ્ટી મંડળ, કારોબારી સમિતિના સભ્યશ્રીઓ
જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી

હાર્દિક શ્રધ્ધાંજલિ
સ્વ. ધીરજભાઈ સુખાભાઈ પટેલ
સ્વ.તા: ૨૭-૦૨-૨૦૨૬
સારા કર્મોની સુગંધ સદાયે રહેશે, મિઠી વાણી હંમેશા યાદ રહેશે, દેહ ભલે અદ્રશ્ય થયો હોય પરંતુ, આપની યાદ અમારી સાથે સદાય રહેશે. પ્રભુ આપના આત્માને પરમ શાંતિ આપે તેવી પ્રભુ ચરણે પ્રાર્થના
લિ. વિજયભાઈ ભાણાભાઈ પટેલ, ધવલ વિજયભાઈ પટેલ, નિરવ સંતોષભાઈ કોન્ટ્રાકટર, રાહુલ ધીરજભાઈ પટેલ, હેજલ ધવલ પટેલ, દિપાલી નિરવ કોન્ટ્રાકટર, પરિતા રાહુલ પટેલ, સ્નેહ, નીલ, મીતાંશ, આધ્યા, દિવ્ય, નાવિશા, સ્વ. ભાણાભાઈ નાથુભાઈ પટેલ તથા સમસ્ત પરિવાર
સી-૪, જય જલારામ સોસાયટી, પીપલોદ,(રૂંટ-મગદલ્લા)(ફર્મ ધવલ પ્રોવિઝન & જનરલ સ્ટોર્સ